**ક્રિમીનલ ઈન્ક.નં–૧૪૭૨/૨૦૨૫**

## આંક– ૧ નીચે હુકમ

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. ફરીયાદ સાથેના દસ્તાવેજી આધારો વંચાણે લીધા. ફરીયાદના અનુસંધાને રજુ ફરીયાદીનું સોગંદનામું ધ્યાને લીધું. આ કામે મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપીને નોટીસનો હુકમ કરેલ હતો અને ત્યારબાદ નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ છે પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટના સંજાબીજ તારી વિરૂધ્ધ કોશોર બોરકાના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો મુજબ આરોપીના પ્રોસેસ ઈશ્યુ કરતા પહેલા નોટીસ કાઢવી જરૂરી ન હોય જેથી આ કામે ફરીયાદ તેમજ દસ્તાવેજી પુરાવા જોતા આ કામે આરોપી વિરુદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ સજાને પાત્ર ગુના સંદર્ભે પ્રથમ દર્શનીય કેસ જણાતો હોય તેમજ Writ Petition No. 18 of 2013, Indian Bank Association and others v. Union of India and others ના ચુકાદા મુજબ અસલ દસ્તાવેજી આધારો અને ફરીયાદીનું સોગંદનામું રજુ થતું હોય જેથી હાલની ફરીયાદ ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે અને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના ગુનાનું કોગ્નીઝેન્સ લઈ આરોપી વિરુદ્ધ પ્રથમ નદર્શનીય કેસ જણાતો હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૨૭ મુજબનો **તા.૧૪/૦૯/૨૦૨૬** ના રોજ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.તેમજ ક્રિમિનલ ઇન્ક.નં.**૧૪૭૨/૨૦૨૫** ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૧/૦૮/૨૦૨૬

આણંદ

(એ.એ.રૂંઝા)
બીજી એડી.ચીફ.જયુડી.મેજી.કોર્ટ
**આણંદ**